# હોન્ડાએ ભારતમાં ૧૩માં હોન્ડા યંગ એન્જીનિયર અને સાઈન્ટિસ્ટ્સ એવોર્ડ જાહેર કર્યા

એજન્સી દ્વારા-ભારતમાં પ્રીમિયમ કાર્સની અગ્રણી નિર્માતા કંપની, હોન્ડા કાર્સ ઈન્ડિયા લિમિટેડ (HCIL)એ, ૨૦૧૯-૨૦ માટે ૧૩માં યંગ એન્જીનિયર એન્ડ સાઈન્ટિસ્ટ્સ (Y-E-S) એવોર્ડનું આયોજન કર્યું હતું અને દેશભરમાં રહેલી ભારતની અગ્રણી અને પ્રતિષ્ઠિત વિજ્ઞાન ને ટેક્નોલોજી સંસ્થાઓ IITના ૧૪ વિદ્યાર્થીઓને એવોર્ડ પ્રદાન કર્યા છે. આ પ્રખ્યાત Y-E-S એવોર્ડ્સ, ભારતના અગ્રણી વિજ્ઞાનીઓ અને હોન્ડાના વરિષ્ઠ કાર્યકારીઓની બનેલી જ્યુરી દ્વારા ખૂબજ સાવધાનીપૂર્વક IITની અત્યંત તેજસ્વી પ્રતિભાઓને પ્રદાન કરાયા છે. Y-E-S કાર્યક્રમની તાજેતરની આવૃત્તિ સાથે, કંપનીએ છેલ્લા ૧૩ વર્ષમાં ૧૬૮ વિદ્યાર્થીઓની ઓળખ કરીને તેમને પારિતોષિકથી નવાજ્યા છે.




આ Y-E-S એવોર્ડ વિશે વાત કરતા, હોન્ડા કાર્સ ઈન્ડિયાના CEO અને પ્રમુખ શ્રી ગાકુ નાકાનિશીએ જણાવ્યું હતું કે, "Y-E-S એવોર્ડના ૧૩માં સંસ્કરણનું સફળતાપૂર્વકનું સમાપન થવું અમારા માટે ગર્વની વાત છે. વિવિધ IITના ૪૯૫ કરતાં વધારે વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવાયો હોવાને કારણે આ વર્ષે વિદ્યાર્થીઓ તરફથી પ્રાપ્ત થયેલો અનુભવ અને પ્રતિભાવ ખૂબ જ અપૂર્વ રહ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા ઉત્તરોત્તર વર્ષો દરમિયાન પોતાના ઉદ્યાકરણીય કાર્યને પ્રદર્શિત કરવા માટે તેમના રહેલા ઉત્સાહ અને તેમની ભાગીદારીને જોવી ખરેખર એક લ્હાવો છે."

હોન્ડા ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૦૭માં ભારતમાં Y-E-S એવોર્ડનો પ્રારંભ કરાયો હતો અને વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રે ઉમદા પ્રદર્શન કરનારા અને ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની ખેવના ધરાવે છે તેવા યુવાન વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરીને આગળ વધારવા માટે હોન્ડા કાર્સ દ્વારા તેને ફુગાવો અપાયો હતો. આ કાર્યક્રમ સાથે, હોન્ડા ફાઉન્ડેશનને આશા છે કે તે આપણી અને ભારતીય યુવાની જેમ વિજ્ઞાન અને ટેક્નોલોજી... ઉદ્યોગનું નેતૃત્વ કરશે તેવી અપેક્ષા છે, તેમની વચ્ચે સંવાદ અને આદાન-પ્રદાનનું મજબૂત કરવાની સાથે જ યુવાન પેઢીમાં ઈકો ટેક્નોલોજીના વિચારને પ્રોત્સાહિત કરવાની સાથે જ આગળ વધારી શકશે.

વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષણ ક્ષેત્રે પ્રાપ્ત કરેલા અદ્વિતીય સંબંધી પ્રદર્શનને માન્યતા પ્રદાન કરવા માટે ભારતમાં જાપાનના રાજદૂત મહામહિમ શ્રી સાતોશી સુઝુકીએ વિદ્યાર્થીઓને એવોર્ડ પ્રદાન કર્યા હતા. આ પ્રસંગે હોન્ડા ફાઉન્ડેશનના નિર્દેશક શ્રી અકીરા કોજિમા, અને હોન્ડા રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ જાપાનના સીનિયર ફેલો શ્રી શિગેરુ તકાગી પણ હાજર રહ્યા હતા.